જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૫/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૯૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૯,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૭૦૧/૨૦૨૬**

કાલુપુરઃ નિતેશકુમાર રમ્ભુરાય યાદવ (ઉ.વ.૨૨) (રહે. જગન્નાથ મંદીરની ચાલી સોમનાથ ભુદરનો આરો જમાલપુર) નાઓ તા.૧૬/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર દુર્ગામાતાની પોળ ખાતે રહેતા સંબંધીને મળવા ગયા હતા ત્યારે સબંધીના રહેણાંક મકાનની દિવાલ નિતેશકુમાર યાદવ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશકુમાર દિનેશભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૦૨/૨૦૨૬**

સરખેજઃ વિકલ ઉર્ફે વિકાસ નરેશભાઇ (ઉ.વ.૩૪) (રહે. ગર્ગ હાઉસ સર્વે.નં. ૪૮૪/૨/૨ ઝાઝુ જોયલેન્ડ સ્કુલની બાજુમાં કર્ણાવતી કલબ રોડ મમતપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૬ કલાક ૦૬/૩૦ વાગ્યા પહેલા ગર્ગ હાઉસ ખાતે સર્વન્ટ રૂમના ઉપરના માળે રૂમમાં પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી